# ગાંધીનગર શહેરની માધ્યામિક શાળાના વિદ્યાર્થીઓની ગુજરાતી ભાષા સામર્થ્યનો અભ્યાસ

શેતલબેન બી. ખૈર
(એમ.એ., એમ.એડ્., એમ.ફીલ)
પીએચ.ડી.સ્કોલર, ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ

## ૧.પ્રસ્તાવના

ગુજરાતી આપણી માતૃભાષા છે અને માતૃભાષા આપણાં શિક્ષણ જગતમાં અનેરૂ મહત્વ ધરાવે છે. શિક્ષણ જગતમાં માતૃભાષા મહત્વનો ભાગ ભજવે છે. માતૃભાષાથી શિક્ષણનો પાયો મજબુત બને છે. આથી વિદ્યાર્થીઓના વિકાસમાં માતૃભાષાનો અનેરો ભાગ જોવા મળે છે. માતૃભાષાથી વિદ્યાર્થીઓના જીવનનું ઘડતર થાય છે. આથી વિદ્યાર્થીઓના વિકાસમાં માતૃભાષા આગવું સ્થાન ધરાવે છે.

મનુષ્ય ઓળખમાં ભાષા-સંસ્કૃતિ મહત્વનું ભાગ ભજવે છે. તે તેની વાણી-વર્તનની છટાથી અને તેણે મેળવેલ શિક્ષણથી સમાજમાં એક આગવી શૈલી ઊભી કરે છે. આજે આપણો દેશ શિક્ષણક્ષેત્રે જાગૃત થયો છે. વ્યક્તિની જિંદગીમાં શિક્ષણ મેળવવું એ સૌથી મહત્વનું પાસું બની ગયું છે. શિક્ષણ એ દરેક માનવીની જરૂરિયાત છે. પરોક્ષ રીતે તમામ પ્રગતિના પાયામાં પરિવર્તનો છુપાયા હોય છે અને આ પરિવર્તનો પાછળનું મુખ્ય કારણ શિક્ષણ છે. આજના ગતિશીલ અને પરિવર્તનશીલ વૈજ્ઞાનિક યુગમાં ઉત્તમ શિક્ષણની અપેક્ષા વિદ્યાર્થીની વિચાર શક્તિમાં વધારો કરવાની છે. પ્રાથમિક કક્ષાએ શિક્ષણનો પ્રારંભિક તબક્કો ગણાય છે. જ્યારે બાળકનો વિકાસ એ તેના માધ્યમિક શિક્ષણ પર નિર્ભર રહે છે. માધ્યમિક શાળાના વિદ્યાર્થીને યોગ્ય સુદઢકો વાપરી તેને પ્રોત્સાહિત કરવા જોઈએ જેથી તેમને અભ્યાસ કરવા માટે પ્રેરિત કરી શકાય. તેના જીવન ઘડતરનું મહત્વનું કાર્ય શિક્ષકના હાથમાં હોય છે. ગુજરાતી આપણી માતૃભાષા હોવાથી ગુજરાતી વિષય પ્રત્યે વિદ્યાર્થીઓનો રસ કેળવાય તે જોવાની શિક્ષકની ફરજ છે. માતૃભાષામાં શિક્ષણ આપવાથી વિદ્યાર્થીઓનો પાયો મજબૂત થાય છે તેમજ તેઓ કોઈ પણ બાબતને સારી રીતે જાણી અને સમજી શકે છે.

ગુજરાતી ભાષાનું ખૂબ જ મહત્વ રહેલું છે. શાળામાં ભણતાં બાળકોના સર્વાંગી વિકાસ માટે, સમાજ સાથેના વ્યવહારો માટે, બાળકના બૌધ્ધિક વિકાસ માટે, અનેકવિધ શકિતઓના વિકાસ માટે સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ, સંવર્ધન કરવા માટે, પ્રત્યાયન માટે, મૌલિક વિચાર કરવાની શકિતની વૃદ્ધિ માટે, આમ દરેક ક્ષેત્રમાં માતૃભાષાનું મહત્વ અનેક ગણું રહેલું છે. શાળામાં બાળકોને બધાંજ વિષયો પણ ગુજરાતી ભાષામાં જ ભણાવાય છે. માટે વિદ્યાર્થીને જો ગુજરાતી ભાષામાં જ ભાષા સામર્થ્ય ન હોય તો અન્ય વિષયો પણ બરાબર ભણી શકતાં નથી. વિદ્યાર્થીઓને શરૂઆતનું ભણતર પાયાનું છે. જો તે પાયો કાચો રહી જશે તો તેને આગળ જતાં ભણવામાં

તકલીફો પડશે માટે માધ્યમિક શાળાના બાળકોમાં ગુજરાતી ભાષા સામર્થ્ય કેટલુ છે તે જાણવું જરૂરી છે. આ બાબતને ધ્યાન પર લઈને તથા સંશોધક પોતે પણ ગુજરાતી ભાષામાં સ્નાતક હોવાથી ગુજરાતી ભાષા સામર્થ્ય વિશે અભ્યાસ કરવાની વિચારણા હાથ ધરી જેના પરિપાક સ્વરૂપે ગાંધીનગર શહેરના માધ્યમિક શાળાઓનાં વિદ્યાર્થીઓનાં ભાષા સામર્થ્યનાં અભ્યાસનું ધ્યાનમાં રાખીને પ્રસ્તુત સંશોધન હાથ ધરેલ છે.

## ૨.સમસ્યા વિધાન

ગાંધીનગર શહેરનાં માધ્યામિક શાળાના વિદ્યાર્થીઓની ગુજરાતી ભાષા સામર્થ્યનો અભ્યાસ

## ૩.અભ્યાસ હેતુઓ

૧. ગાંધીનગર શહેરના માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના ગુજરાતી ભાષા સામર્થ્યનો અભ્યાસ કરવા કસોટીની રચના કરવી.
૨. ગાંધીનગર શહેરના માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના ગુજરાતી ભાષા સામર્થ્યની કસોટીનો તેમની સિદ્દિધના સંદર્ભમાં અભ્યાસ કરવો.
૩. ગાંધીનગર શહેરના માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના ગુજરાતી ભાષા સામર્થ્યનો તેમની જાતિના સંદર્ભમં અભ્યાસ કરવો.

## ૪.અભ્યાસની ઉત્કલ્પનાઓ

૧. ગાંધીનગર શહેરના માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની ગુજરાતી ભાષા સામર્થ્યની તેમની સિદ્દિધ પર કોઈ સાર્થક તફાવત નહી હોય.
૨. ગાંધીનગર શહેરના માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની ગુજરાતી ભાષા સામર્થ્યની તેમની જાતિ પર કોઈ સાર્થક તફાવત નહી હોય.

## ૫.ચાવીરૂપ શબ્દોની વ્યાખ્યા

૧. **ગાંધીનગર:** ગાંધીનગરએ આયોજન પુર્વક બનાવેલ શહેર છે તે ભારતના રાજ્ય ગુજરાતનું પાટનગર છે તે અમદાવાદ થી ૨૩ કિલોમીટર ઉત્તરે આવેલું છે તેની વસ્તી આશરે ૨.૯૨ (૨૦૧૧) લાખ છે.
૨. **માધ્યમિક શાળા:** માધ્યમિક શાળા એટલે એવી શાળા જ્યાં ધોરણ -૯ અને ૧૦ નું શિક્ષણ કાર્ય કરવામાં આવતુ હોય.
૩. **ભાષા સામર્થ્ય:** કોઈપણ ભાષાને સમજવાની, બોલવાની તથા તેનો ઉપયોગ કરવાની આવડત

## ૬.સંશોધનનું મહત્વ

કોઈપણ માનવવૃતિ પાછળ તેનો રસ રહેલો છે . અભ્યાસિકાને ગુજરાતી વિષયમાં રસ હોવાથી આ વિષયની પસંદગી કરી છે . માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ ગુજરાતી વિષયને માતૃભાષા તરીકે ભણે છે. તેથી ગુજરાતી વિષય તેમની પ્રાથમિક ભાષા છે માટે વિદ્યાર્થીઓમાં ગુજરાતી ભાષા સામર્થ્ય ઓછું હોય તો તેમણે ભાવિ જીવન અગવડદાયી બને છે . તેમના દૈનિક વ્યવહારમાં ગુજરાતીને કારણે તેઓ મુશ્કેલીમાં મુકાય છે . આ ઉપરાંત સમુદ્ધ એવા ગુજરાતી સાહિત્યથી તે વિમુખ તથા પોતાની સંસ્કૃતિથી દૂર જાય છે . આમ ગુજરાતી ભાષાનો વારસો જાળવવા માટે અભ્યાસ ખુબ જ અગત્યનો છે

## ૭. અભ્યાસની મર્યાદાઓ

૧.પ્રસ્તુત સંશોધન ફક્ત ગાંધીનગર શહેરના માધ્યમિક શાળાઓના ધોરણ -૯ ના વિદ્યાર્થીઓ પુરંતુ જ મર્યાદિત રાખવામાં આવ્યુ છે.

## ૮. સંશોધન પદ્દ્ધતિ

સંશોધન પદ્દ્ધતિ પસંદગી વખતે અભ્યાસું સ્વરૂપ , નિદર્શની પસંદગી અભ્યાસનાં હેતુઓ વગેરે બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે . આ અભ્યાસમાં અભ્યાસિકાએ સર્વેક્ષણ પદ્દ્ધતિનો ઉપયોગ કર્યો છે.

## ૯.વ્યાપવિશ્વ અને નિદર્શ

ગાંધીનગર શહેરના માધ્યમિક શાળાના ધોરણ -૯ના વિદ્યાર્થીઓએ પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ બને છે. સંશોધિકા ગાંધીનગર શહેરના જુદીજુદી શાળાઓમાંથી સ્તરીકૃત યાદચ્છિક નિદર્શન પદ્ધતિની મદદથી ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓનો નિદર્શ પસંદ કર્યો છે.

## ૧૦. સંશોધનું ક્ષેત્ર

પ્રસ્તુત સંશોધનનું ક્ષેત્રએ શૈક્ષણિક મનોવિજ્ઞાન અને માપન અને મૂલ્યાંકન બને છે.

## ૧૧. સંશોધન ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમં ધોરણ-૯ ના ગુજરાતી વિષયમાંથી જરૂરી માહિતી એકત્ર કરી ગુજરાતી ભાષા સામાર્થ્ય કસોટીની રચના કરવામાં આવી.

## ૧૨. માહિતી એકત્રીકરણ અને વિશ્લેષણ

પ્રસ્તુત સંશોધનમાં માહિતીના એકત્રીકરણ માટે સંશોધક શાળામાં વિદ્યાર્થી પાસે રૂબરૂ જઈ માહિતી એકત્રીકરણ કરી છે.આ એકત્રીત માહિતીનું અંકશાત્રીય પદ્ધતિઓ દ્વારા પૃથ્થકરણ કરી તેનું અર્થઘટન કરવામાં આવ્યુ છે.

## ૧૩.સંશોધનના તારણો

૧. ખાનગી શાળાના ધોરણ -૯ ના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીઓની ભાષા સામર્થ્યમાં તફાવત જોવા મળતો નથી.
૨. સરકારી શાળાના ધોરણ -૯ ના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીઓની ભાષા સામર્થ્યમાં તફાવત જોવા મળતો નથી.
૩. ખાનગી શાળા અને સરકારી શાળાનાં વિદ્યાર્થીઓના ભાષા સામર્થ્યમાં તફાવત જોવા મળે છે.
૪. ખાનગી શાળાની અને સરકારી શાળાની ધોરણ-૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓના ભાષા સામર્થ્ય પ્રાપ્તિમાં તફાવત જોવા મળે છે.

## સંદર્ભ સૂચિ


1. Desai, H.G. and Desai, K. G. (1989). Sanshodhan Paddhatio Ane Pravidhio, Ahmedabad: University Granth Nirman Board.
2. Desai, K. G. and Desai, H. G. (1989). Manovaignanik Mahan, Ahmedabad: University Granth Nirman Board, Gujarat Rajya
3. Desai,, K. G., Bhopatkar, C. T. And Shah, J. H. (1981). Manovaignanik Paribhasha Ane Vibhavana, Ahmedabad: University Granth Nirman Board.
4. Kerlinger, Fred N. (1996). Founations of Behaviours Research, (2nd Edition), New Delhi : Surjeet Publication.
5. Parekh, B.U. and Trivedi, Manubhai D. (1994). Shikshan ma Aakadashastra (Fourth Edition), Ahmedabad: Gujarat University Press Board.
6. Patel, A.M. (1989). Prayogik Patho ane Suparat Karyo ni Guru Chavi, Vallabh Vidyanagar: Sardar Vallabhbhai Patel University Publication.
7. Patel, R. S. (2008).Statistical Methods for Educational Research, (4th Edition), Ahmedabad: Jay Publication.
8. Shah, Gunvant and Pandya, Kulin (1981).Shaikshanik Manovignan, Ahmedabad: University Granth Nirman Board, Gujarat Rajya.
9. Siddhu, K. S. (1996). Methodology of Research in Education, New Delhi : Sterling Publication Pvt. Ltd.
10. Siddhu, K.S. (1989). Methodology of Research in Educational, New Delhi :Sterling Pvt. Ltd. Publication.
11. Uchat, D. A. (2009). Shikshan and Samajik Vignano ma Sanshodhan nu Paddhatishastra, Rajkot : Prakash .